**મે.બીજા એડી. ચીફ જ્યુડી.મેજી. સાહેબશ્રીની કોર્ટમાં,મું.મોરબી.**

**ફોજદારી કેસ નંબર : ૧૦૭૭૫/૨૦૨૫**

**<u>ફરીયાદી</u> :** શ્રી સરકાર વતી એમ.પી.જોષી આંક–૫

**વિરૂધ્ધ:–**

<u>આરોપી</u>: (૧) શરત કુમાર ઘોષ(પ્રોપરાઈટર)
( એજીલીસ વીટ્રીફાઈડ ના કોન્ટ્રાકટર)

---

**<u>ગુન્હો</u> :– આંતર રાજ્ય સ્થળાંતરીત કામદાર અધિનીયમ ૧૯૭૯ અને તે હેઠળના ગુજરાત નીયમો ૧૯૮૧ હેઠળ કલમ–૮(૧)(બી) સાથે વાંચતા નીયમ ૭(૨), કલમ ૧૨(૧)(અ) સાથે વાંચતા નીયમ ૨૧(૧) અને કલમ ૧૨(૧)(અ) સાથે વાંચતા નિયમ ૫૧(૧) ના ઉલ્લંઘન બદલ આંતર રાજ્ય સ્થળાંતરીત કામદાર અધિનિયમ–૧૯૭૯ ની કલમ ૨૫ હેઠળ**

---

**શ્રી સરકાર તરફે વિ.એ પી પી શ્રી**

**આરોપીઓ તરફે વિ વ શ્રી એસ.ડી.સુમરા**

**–: <u>ચુકા દો</u> :–**

(૧) ફરીયાદપક્ષ તરફથી આરોપી સામે **આંતર રાજ્ય સ્થળાંતરીત કામદાર અધિનીયમ ૧૯૭૯ અને તે હેઠળના ગુજરાત નીયમો ૧૯૮૧ હેઠળ કલમ–૮(૧)(બી) સાથે વાંચતા નીયમ ૭(૨), કલમ ૧૨(૧)(અ) સાથે વાંચતા નીયમ ૨૧(૧) અને કલમ ૧૨(૧)(અ) સાથે વાંચતા નિયમ ૫૧ (૧) ના ઉલ્લંઘન બદલ આંતર રાજ્ય સ્થળાંતરીત કામદાર અધિનિયમ–૧૯૭૯ ની કલમ ૨૫ હેઠળ** મુજબના ગુનાની ફરીયાદ રજુ કરવામા આવેલ છે અને હાજર આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કરી તેમના વિરુધ્ધના ગુનાની હકીકત વાંચી સંભળાવી ગુના સબબની પ્લી લેતા ઉપરોકત આરોપીએ પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવી, ગુનાની કબુલાત પુરસીસ આ કામે રજુ કરેલ છે.

(૨) સદર કામના કેસ પેપર્સ વંચાણે લીધા. કાયદાકીય જોગવાઈઓ ઘ્યાને લીધી. આરોપીઓની ગુના કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધી. નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ **નટવરસિંહ હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧), જી.એલ.આર. પાના નંબર ૭૦૯** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. સદર કામે આરોપીએ ગુનાની કબુલાત અંગે જે કારણો દર્શાવેલ છે તે જોતા આરોપી ગરીબ ઈસમ છે અને તેમના શિરે કુટુંબના ભરણપોષણની જવાબદારી છે, તેઓનો

પ્રથમ ગુનો છે અને ફરીથી આવો ગુનો કરશે નહી તેમ જણાવેલ છે અને આરોપીએ ગુના બાબતે પસ્તાવો વ્યકત કરેલ છે. કાયદાનો હેતુ ડામવાનો છે, ગુનેગારને ડામવાનો નથી તથા ગુનેગારને સુધરવાની તક આપી સમાજમાં તેને ફરીથી સન્માનપૂર્વક જીવન મળે તેવો કાયદાનો હેતુ છે તથા ઉપરોકત ચુકાદા અનુસાર આરોપી ઉપર દયા બતાવી હળવી સજા કરવા માટેના પુરતા ગણી શકાય તેવા કારણો છે તેમ આ કોર્ટનું માનવુ છે તેમજ આજરોજ સદર કામે આરોપીની કબુલાત તથા દયા અરજ ગ્રાહય રાખી અને કાયદાની સજા કરવા પાછળનો સુધારાત્મક હેતુ ધ્યાને રાખી આરોપીને હળવી સજા કરવા પાછળનો સુધારાત્મક હેતુ ધ્યાને રાખી આરોપીને હળવી સજા કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ હોઇ આથી નીચે મુજબ હુકમ કરુ છુ.

**-: હુકમ :-**

હાલના પ્રત્યેક આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ - ૨૭૫ અન્વયે **આંતર રાજ્ય સ્થળાંતરીત કામદાર અધિનીયમ ૧૯૭૯ અને તે હેઠળના ગુજરાત નીયમો ૧૯૮૧ હેઠળ કલમ-૮(૧)(બી) સાથે વાંચતા નીયમ ૭(૨), કલમ ૧૨(૧)(અ) સાથે વાંચતા નીયમ ૨૧(૧) અને કલમ ૧૨(૧)(અ) સાથે વાંચતા નિયમ ૫૧(૧) ના ઉલ્લંઘન બદલ આંતર રાજ્ય સ્થળાં તરીત કામદાર અધિનિયમ-૧૯૭૯ ની કલમ ૨૫ હેઠળ શીક્ષાને પાત્ર ગુન્હા બદલ** તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂપિયા **રુા.૧,૦૦૦/-** (અંકે રૂપિયા એક હજાર પુરા) નો દંડ ફરમાવુ છુ અને જો દંડ ન ભરે તો દિન-૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરુ છુ.

હુકમ આજ રોજ તા.૧૪મી માંહે-માર્ચ, સને ૨૦૨૬ નારોજ લોક અદાલતના સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.:-૧૩/૧૨/૨૦૨૫

સ્થળ:-મોરબી

//MRM//

**(જે.જે.જોષી)**

બીજા એડી. ચીફ જયુડી.મેજી.મોરબી.

**CODE NO.**-GJ01271

ફોજદારી દંડ પહોંચ નં................
તા.૧૪/૦૩/૨૦૨૬ થી રુા.**૧,૦૦૦/-**
અંકે રુપીયા **હજાર પુરા** વસુલ લીધા.

નાઝીર/આસીસ્ટન્ટ